**<u>ફોજદારી કેસ નં. ૫૩૭૨–૧૮ ના કામે આંક–૧ તળેનો હુકમ</u>**

૧. હાલની કામની ફરીયાદ પોલીસ દવારા આરોપીની સામે નોંધવવામાં આવેલ છે અને તે ફરીયાદના કામે પોલીસ એજન્સી દવારા જ ગુનાની તપાસ કરી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૧૭૩ મુજબ ચાર્જશીટ દાખલ કરવામાં આવે છે. આ કામે આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબના ગુનાનું તહોમત છે. સદરહું કલમ મુજબ જયારે કોઈ વ્યકિત, જાહેર સેવકે રીતસર જાહેર કરેલા હુકમનું પાલન ન કરે ત્યારે ગુનો બને છે. સદરહું ગુનાનું કોગ્નીઝન્સ લેવા સબંધેની જોગવાઈ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૧૯૫ માં કરવામાં આવેલ છે અને તેમાં નીચે મુજબની જોગવાઈ છે.

<u>''કલમ ૧૯૫ (૧) કોઈ પણ અદાલત</u>
<u>(એ) (૧) એવો કોઈપણ ગુનો કે જે ઈ.પી.કો.કલમ ૧૭૨ થી ૧૮૮ (બન્ને સહિત) અનુસાર સજા પાત્ર હોય,</u> અથવા (૨) આવા ગુનામાં મદદગારી કે આવો ગુનો કરવાનો પ્રયાસ અંગે અથવા (૩) આવો ગુનો કરવા માટે ગુનાહિત કાવતરું કરવાનો ગુનો
<u>એવા ગુના માટે સંબંધિત જાહેર નોકરની કે તે જેના વહીવટી તાબામાં કાર્ય કરતો હોય તેની લેખિત ફરીયાદ સિવાય તેના ગુના સબંધી કાર્યવાહી કરી શકાશે નહિ.''</u>

આમ, કલમ ૧૯૫(૧)(એ)ના પ્રબંધો અનુસાર જયાં સુધી સબંધિત અધિકારી કે તેના ઉપરી અધિકારી ધ્વારા લેખિતમાં ફરીયાદ કરવામાં ન આવે ત્યાં સુધી આ પ્રકાર ના ગુનાનું સંજ્ઞાન કોર્ટ લઈ શકે નહિ. વધુમાં નામ. સુપ્રિમ કોર્ટ ધ્વારા <u>સી. મુનીઅપ્પન વિ. સ્ટેટ ઓફ તામિલનાડુ, એ.આઈ.આર. ૨૦૧૦ (સુ.કો.) ૩૭૧૯</u> ના ચૂકાદામાં ઠરાવેલ છે કે, કલમ ૧૮૮ મુજબની પ્રાથમિક શરત છે કે આવી ફરીયાદ જાહેર નોકરે લ ેખિતમાં આપેલી હોવી જોઈએ અને જો આવી ફરીયાદ લેખિતમાં આપવામાં આવેલ ન હોય તો ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીને દોષિત ઠરાવી શકાય નહિ. વધુમાં <u>એમ.એલ.અહલ્વાત વિ. સ્ટેટ ઓફ હરીયાણા, એ.આઈ.આર. ૨૦૦૦ (સુ.કો.)૧૬૮, સચિદાનંદસિહં વિ. સ્ટેટ ઓફ બિહાર, એસ.સી.સી. ૭૯૮</u>ના કેસોમાં પણ એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, જે જાહેરસેવકના હુકમનો ભંગ થયેલ હોય તે જાહેર સેવક ધ્વારા કે તેઓ જેમના વહીવટી તાબામાં હોય તેવા અધિકારી ધ્વારા ફરીયાદ આપવામાં આવેલી હોવી જોઈએ અને આવી લેખિત ફરીયાદ કોર્ટમાં કરેલી હોવી જોઈએ.

૨. વધુમાં નામ. ગુજરાત હાઈકોર્ટ દવારા પણ <u>નિર્મળાબેન અરવિંદભાઈ વિ. કલાવતીબેન નટવરલાલ, ૧૯૯૭(૩) જી.સી.ડી.૮૫૬</u> ના કેસમાં પણ એવું ઠરાવવામાં આવેલ છે કે, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૯૫ માં જે ફરીયાદનો ઉલ્લેખ છે તે ફરીયાદ અદાલત રૂબરૂની ફરીયાદ ગણવાની છે અને તેથી જો પોલીસ રૂબરૂ ફરીયાદ આપવામાં આવેલ હોય અને તેના આધારે ચાર્જશીટ કરવામાં આવેલ હોય, તેવી ફરીયાદનું સંજ્ઞાન કોર્ટ લઈ શકશે નહિ. નામ. ગુજરાતની વડી અદાલત દવારા પણ સરકયુલર નં. ડી/૨૯૧૨–૧૩/૨૦૧૭, તા. ૨૯/૭/૨૦૧૭ ના પરિપત્ર દવારા આ સંબધે સુચનાઓ આપવામાં આવેલ છે અને જણાવવામાં આવેલ છે કે નામ. સુપ્રિમ કોર્ટના સંખ્યાબંધ ચૂકાદાઓ અનુસાર આ પ્રકારના કેસોમાં ચાર્જશીટના આધારે કોર્ટ સંજ્ઞાન લઈ શકે નહિ.

૩. હાલના કેસમાં બિનતકરારી રીતે આરોપી વિરુધ્ધ મૂળ ફરીયાદીએ પોતાની લેખિત ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપેલી છે અને તેના આધારે ગુનો નોંધી, તપાસ કરી, હાલનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. પરંતુ મૂળ ફરીયાદીએ કોર્ટમાં કોઈ લેખિત ફરીયાદ આપેલ નથી. હાલના કેસમાં પણ જાહેરનામું પ્રસિધ્ધ કરનાર અમલદાર કે તેઓની કચેરીના કર્મચારી ધ્વારા અદાલતમાં કોઈ લેખિત ફરીયાદ કરવામાં આવેલ નથી અને હાલની ફરીયાદ પોલીસ અધિકારી દવારા કરવામાં આવેલ છે અને તે સંજોગોમાં પણ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૧૯૫ મુજબ ગુનાનું સંજ્ઞાન લઈ શકાય નથી અને તેથી હાલનો કેસ રદ્દ થવાને પાત્ર હોય, આ કેસ આથી કેસ રદ્દ કરવામાં આવે છે એટલે કે કેસની કાર્યવાહી બંધ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૮ માહે જુલાઈ સને ૨૦૧૮ ના રોજ સ્પે. સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૨–૦૭–૧૮
મુ.અમદાવાદ

( વનરાજસિંહ આપાભાઈ ધાધલ )
UIC NO GJ 00891
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર.